રજૂ તારીખ : ૦૨.૦૩.૨૦૨૬
દાખલ તારીખ : ૦૨.૦૩.૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૦.૦૩.૨૦૨૬

| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| --- | --- | --- | --- | --- |
| | | ૦ | ૦ | ૮ |

આંક–..........

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની
## કોર્ટ સમક્ષ, મુ.સુરત

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૪૫/૨૦૨૬**

અરજદારઃ **ચીરાગભાઈ કાનજીભાઈ દેસાઈ,**
ઉં.આ.૪૨ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસીઃ બી–૪૦૧, કાસા એમોરીના,
પર્વત પાટીયા, સુરત.

વિરુદ્ધ

સામાવાળાઃ **શ્રી સરકાર.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી એસ.આઈ.ધોરાજીયા
સામાવાળા તરફે વિ.પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા

### ચૂકા દો

(૧) અરજદારે અમરોલી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ. નં.૧૩૫/૨૦૧૫ ના અનુસંધાને જમા કરાવેલ તેમનો અસલ પાસપોર્ટ તેમજ ડીપોઝીટની રકમ પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

**(૨)** હાલની અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક-૫ થી રજૂ કરેલ અભિપ્રાય વંચાણે લીધેલ છે. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજૂઆત સાંભળી તેમજ રેકર્ડ વંચાણે લીધું.

**(૩)** અરજદારની અરજીની વિગતો, ઉભય પક્ષકારોના વિ.ધારાશાસ્ત્રીશ્રીઓ તરફે કરવામાં આવેલ રજૂઆત અને રજૂ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં એવું જણાઈ આવે છે કે, અરજદાર સામે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજિ. નં.૧૩૫/૨૦૧૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૪(એ), ૧૧૫, ૧૫૩(એ), ૫૦૫(૨), ૫૦૬, ૨૦૧ મુજબનો ગુનો નોંધાયેલ. જે ગુનાના કામે નિયમિત જામીન મેળવવા માટે અરજદારે અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી પરચુરણ અરજી નં.૧૦૨૧/૨૦૧૬ દાખલ કરેલ, જે અરજી અત્રેની કોર્ટ દ્વારા કેટલીક શરતોને આધીન તારીખઃ ૨૮.૦૪.૨૦૧૬ ના રોજ મંજૂર કરવામાં આવેલ; જે શરતો પૈકીની શરત નં.૬ અનુસાર અરજદારે તેમનો અસલ પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા કરાવેલ છે.

**(૪)** અરજદાર વિરુદ્ધ નોંધાયેલ ઉપરોક્ત ગુનાના અનુસંધાને અત્રેની કોર્ટ સમક્ષ ચાલતા સેશન્સ કેસ નં.૩૭/૨૦૧૭ ની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન અરજદારને વિદેશ જવાની જરૂરીયાત ઉપસ્થિત થતાં તેમણે વચગાળાના સમય માટે પાસપોર્ટ પરત મેળવવા અને વિદેશ જવા પરવાનગી મેળવવા અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી પરચુરણ અરજી નં.૫૪૬૩/૨૦૨૫ દાખલ કરેલ, જે અરજી અત્રેની કોર્ટ દ્વારા કેટલીક શરતોને આધીન તારીખઃ ૧૯.૦૭.૨૦૨૫ ના રોજ મંજૂર કરવામાં આવેલ અને તે હુકમની શરતો અનુસાર અરજદારે ₹૧,૦૦,૦૦૦/- અત્રેની કોર્ટમાં ડિપોઝીટ પેટે જમા કરાવેલ છે.

(૫) ત્યાર બાદ અરજદાર વિરુદ્ધ અત્રેની કોર્ટ સમક્ષ ચાલતા સેશન્સ કેસ નં.૩૭/૨૦૧૭ ને ફરિયાદ પક્ષ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૧ મુજબ પાછો ખેંચવામાં આવેલ છે અને તે અનુસાર સદર કેસ તારીખઃ ૧૮.૧૨.૨૦૨૫ ના રોજ ફેંસલ કરવામાં આવેલ છે. આમ, અરજદાર વિરુદ્ધ ચાલતો ઉપરોક્ત કેસ પાછો ખેંચવામાં આવેલ હોઈ અને તેમને છોડી મૂકવામાં આવેલ હોઈ, તેમણે સદર ગુનાના અનુસંધાને જમા કરાવેલ તેમનો અસલ પાસપોર્ટ તેમજ ડીપોઝીટની રકમ પરત આપવા રજૂઆત કરેલ છે. વિ.પી.પી.શ્રીએ પણ અરજદારને તેમનો અસલ પાસપોર્ટ તેમજ ડીપોઝીટની રકમ પરત આપવામાં આવે તો વાંધો ન હોવાની રજૂઆત કરેલ છે. ઉપરોક્ત સેશન્સ કેસ નં.૩૭/૨૦૧૭ ના કામે કરવામાં આવેલ આખરી હુકમ વિરુદ્ધ સરકાર તરફે આજદિન સુધી કોઈ અપીલ કરવામાં આવેલ નથી, તે મતબલનું પુરસીસ વિ.પી.પી.શ્રી તરફે આંક–૬ થી રજૂ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં, અરજદાર વિરુદ્ધ નોંધાયેલા ઉપરોક્ત ગુનાની ઈન્સાફી કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલ હોઈ અને સદર ગુનામાં તેમને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ હોઈ, હવે અરજદારનો અસલ પાસપોર્ટ તેમજ ડીપોઝીટની રકમ અદાલતની કસ્ટડીમાં રાખવાને કોઈ કારણ રહેતું નથી. જેથી અરજદારની અરજી લગત ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ–

## <u>હુકમ</u>

૧. હાલની ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૪૫/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

૨. અમરોલી પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજિ. નં.૧૩૫/૨૦૧૫ થી નોંધાયેલ ગુનાના અનુસંધાને અરજદારે જમા કરાવેલ તેમનો અસલ પાસપોર્ટ તેમજ ડીપોઝીટની રકમ ₹૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા

એક લાખ પૂરા) અરજદારને કાયમી ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ હુકમની જાણ અને અમલ માટે સંબંધકર્તાઓને જરૂરી યાદી કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૧૦મી** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP